| SUMMATIVE ASSIGNMENT -2 2021-22 |
|---|
| Grade – 8 Subject- GUJARATI |
| Syllabus – CH-10,11,12,13,14,16,18 FROM TEXTBOOK |

- **The Paper will be divided into four sections.**

**[ READING SECTION]**

**1)** સારા પુસ્તક જેવો કોઇ મિત્ર નથી. તે આપણને સાચું માર્ગદર્શન આપે છે. તે આપણને સારા કામો કરવાનું પ્રોત્સાહન આપે છે. સારાં પુસ્તકો આપણને સુખદુ:ખમાં સમભાવથી રહેવાનું બળ આપે છે. મહાપુરુષોનાં જીવનચરીત્રો વાંચવાથી આપણને વિપત્તિમાં પણ શાંતિ અને ધીરજ જાળવી રાખવાની પ્રેરણા મળે છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં હિંમત, બહાદુરી, દયા, પ્રેમ, ક્ષમા વગેરે ગુણોનો વિકાસ થાય છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં સારું – નરસું, સાચું – ખોટું પારખવાની આપણી શક્તિ ખીલે છે.

પ્રશ્નો 1 ) સૌથી શ્રેષ્ઠ મિત્ર કોણ છે ?

2) પુસ્તકો આપણને શેનું પ્રોત્સાહન આપે છે ?

3) મહાપુરુષોના જીવનચરિત્રો વાંચવાંથી શેની પ્રેરણા મળે છે ?

4) પુસ્તકો વાંચવાથી આપણામાં કેવાં ગુણોનો વિકાસ થાય છે ?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**2)** વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદગુણો છોડતા નથી. જે બીજાને માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા – કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ જીવન સાર્થક કરે છે.

પ્રશ્નો 1 ) વૃક્ષોનું જીવન આપણને શું શીખવે છે ?

2) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે ?

3) કોનું જીવન નિરર્થક છે ?

4) કાગડા – કૂતરાનું જીવન કોને કહેવાય?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

આખરે ઉજાગરાનો અંત આવ્યો :
લગન ઊકલી ગયાં.
મા હવે,
ઘરની ચીજ વસ્તુઓ ગણે છે.
સંભારી સંભારી મેળવે છે.
સંભાળી સંભાળી ગોઠવે છે.
થાળી , વાટકા, ગ્લાસ, ડીશ,
બધું બરાબર છે.
ક્યાંય કશુય ખોવાયું નથી,
કશુંય ગયું નથી પણ
અચાનક કઇક યાદ આવતાં
એ ઓરડા વચ્ચે
ઉભી રહી જાય છે,
આંખોમાથી ટપકું ટપકું થાય છે.
ખારો ખારો પ્રશ્ન :
'મારી દીકરી ક્યાં?'

પ્રશ્નો : 1) ઉજાગરાનો અંત ક્યારે આવ્યો ?

2) મા કઇ વસ્તુઓ મેળવે છે ?

3) મા ઓરડા વચ્ચે શા માટે ઊભી રહી જાય છે ?

4) ઘરમાં કોણ નથી ?

5) કાવ્યને યોગ્ય શિર્ષક આપો.

**[WRITING SECTION ]**

## Q . 2 (A) નીચેના વિશે નિબંધ લખો.

1) અમારો પ્રવાસ 2) મારો શોખ

નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.

1) અક્બરનો દરબાર – એકસરખા બે ફૂલ – એક સાચું, એક બનાવટી – ફૂલને સ્પર્શ કર્યા વિના દૂરથી ઓળખવાની પરીક્ષા – બધા દરબારીઓની મૂંઝવણ – બિરબલની યુક્તિ – મધમાખીને પકડી લાવવી – ઉત્તર આપવો – બાદશાહની બિરબલને શાબાશી - બોધ.

<u>બિરબલની યુક્તિ</u>

અકબર એક રાજા હતો. તેના દરબારમાં ઘણા બધા લોકો હતા પણ બિરબલ હાજરજવાબી અને બુદ્ધિચાતુર્ય માટે જાણીતો હતો. અકબર ઘણી વખત પોતાના દરબારમાં નવી નવી વાતો લાવતો. જે સારુ કામ કરે તેને ઇનામ પણ આપતો.

એક વખત અકબર રાજા પોતાના દરબારમાં એક જેવા જ બે ફૂલ લઇને આવ્યા.તેમાં એક ફૂલ સાચું છે અને એક ફૂલ બનાવટી છે. પરંતુ તેને સ્પર્શ કર્યા વગર બધાયે તેને ઓળખી બતાવવાનુ હતું. કોઇ તેનો જવાબ આપી શકતુ નથી કેમકે તે બન્ને ફૂલ એક સરખા જ લાગતા હતા.

કોઇ જવાબ આપી શકતુ ન હતું અકબરે બિરબલ સામે જોયું તો બિરબલ તરત પોતાના સ્થાનેથી ઊઠીને બહારથી એક મધમાખી મધમાખી પકડી લાવ્યો. મધમાખી તરત જે સાચુ ફૂલ હતુ તે ફૂલ પર બેઠી.

આમ બિરબલે ખુબ હોશીયારીથી ફૂલ ઓળખી બતાવ્યું.

2) એક ખેડૂત - ચાર દીકરા - દીકરા વચ્ચે કુસંપ - ખેડૂતને ચિંતા - ખેડૂતની માંદગી - ચારે દીકરાને બોલાવવાં - લાકડીઓની ભારી મંગાવવી - દરેક દીકરાને લાકડીઓની ભારી ભાંગવા કહેવું - ભારી ન ભાંગી

શક્યા - લાકડીઓ છૂટી પાડી એક એક લાકડી ભાંગવા કહેવું - એક એક લાકડીઓ તરત ભાંગી શક્યાં - બોધ.

## એકતામાં જ સાચી તાકાત છે

એક ખેડૂત હતો. તેના ચાર દીકરા હતા. બધા એકબીજાની જોડે રહેતા હતા પરંતુ એક દિવસ કોઇ બાબતે તેમની વચે ઝગડો થયો. અને બધા વચ્ચે કુસંપ થયો ખેડૂતને ચિંતા થવા લાગી અને એક દિવસ તે બીમાર પડ્યો તેને લાગ્યુ કે હવે હું વધારે જીવી નહિ શકુ, પરંતુ દિકરાઓ વચ્ચે કુસંપ હોવાથી તે વધારે ચિંતિત રહેતો હતો.

એક દિવસ એને દરેક દિકરાને બોલાવ્યા અને એક લાકડાની ભારી લાવવાનું કહ્યું અને દરેક દિકરાને ભારી ભાંગવાનું કહ્યું પણ તે ભારી ભાંગી શક્યા નહિ. ત્યારબાદ તેમણે તે ભારી છોડી નાખી અને એક એક લાકડી ભાંગવા કહ્યું બધાયે તરત લાકડી ભાંગી નાખી. આમ દરેક દિકરાને એક્તાની તાકાત સમજાઇ ગઇ.

આમ, દરેક દીકરાઓ સંપથી સાથે રહેવા લાગ્યા.

## [GRAMMAR SECTION]

**Q .3 (A) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | વાંસળી | = | બંસી | 2) | પોપટ | = | શુક |
| 3) | લાડકો | = | વહાલો | 4) | મેહ | = | વરસાદ |
| 5) | પાદર | = | ભાગોળ | 6) | સમજ | = | અક્કલ |
| 7) | સનાતન | = | કાયમી | 8) | વ્યવસ્થા | = | ગોઠવણ |
| 9) | અમોઘ | = | અચૂક | 10) | ગભરામણ | = | મૂંઝવણ |
| 11) | તત્કાળ | = | તરત | 12) | રક્ત | = | લોહી |
| 13) | કંદુક | = | દડો | 14) | લોચન | = | આંખ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 15) | નજર | = | દ્રષ્ટિ | 16) | જંગલ | = | વન |

## (B) નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | મુશ્કેલ | x | સહેલું | 2) | સ્મિત | x | રુદન |
| 3) | શાંતિ | x | અશાંતિ | 4) | વિવેક | x | અવિવેક |
| 5) | વ્યવસ્થા | x | અવ્યવસ્થા | 6) | હસવું | x | રડવું |
| 7) | ઊંધુ | x | સીધું | 8) | વિકટ | x | સરળ |
| 9) | અતિ | x | અલ્પ | 10) | માન | x | અપમાન |
| 11) | ઉદાર | x | કંજૂસ | 12) | શાપ | x | આશીર્વાદ |
| 13) | શરૂઆત | x | અંત | 14) | મુશ્કેલ | x | સરળ |
| 15) | સૂંકા | x | લીલાં | 16) | નજીક | x | દૂર |
| 17) | જુદાં | x | ભેગા | | | | |

## (C) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી, તેમનો વાક્યમાં પ્રયોગ કરો

1) ઝંખવાણા પડી જવું - છોભીલા પડી જવું

વાક્ય : જૂઠાણું ખુલ્લું પડી જતા અજય ઝંખવાણો પડી ગયો.

2) સ્તબ્ધ થઇ જવું - આશ્ચર્ય ચકિત થઇ જવું

વાક્ય : પોતાના દિકરાને જ ઘરમાંચોરી કરતો જોઇને પિતાજી સ્તબ્ધ પઇ ગયા.

3) મોતિયા મરી જવા - હિંમત હારી જવી

વાક્ય : દૂરથી સિંહને આવતો જોઇને બધાના મોતિયા મરી ગયા.

4) શ્વાસ ચઢવો - થાકી જવું

વાક્ય : પર્વત ચઢતી વખતે ઘણાને શ્વાસ ચઢી જાય છે.

5) વેર લેવું - બદલો લેવો

વાક્ય : વેર લેવાથી વેર શમતું નથી.

6) કાળના મુખમાં રહેવું - સતત મૃત્યુંના ડરમાં રહેવું

વાક્ય : માલધારીઓ જંગલમાં કાળનાં મુખમાં જ રહે છે.

7) પ્રાગડ ફૂટવું - સવાર થવું

વાક્ય : વિદ્યાર્થીઓએ પ્રાગડ ફૂટતા પહેલા ઊઠી જવું જોઇએ.

8) નજર પડવી - ધ્યાન જવું

વાક્ય : દિનેશની નવી ઘડિયાળ પર બધાની નજર પડી.

## (D) નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | સ્વયંવરમાં કન્યા પસંદ કરેલા વરને પહેરાવે તે માળા | - | વરમાળા |
| 2) | સંકટને હણનાર | - | સંકટહરણ |
| 3) | ઇન્દ્રને જીતનાર | - | ઇન્દ્રજિત |
| 4) | સહેલાઇથી તૂટી જાય તેવું | - | પ્રતિનિધિ |
| 5) | બોલપેનમાં મૂકવાની શાહીવાળી પાતળી નળી | - | રીફિલ |
| 6) | સ્વચ્છ સુંદર લખાણ | - | સુલેખન |
| 7) | જિંદગીના અંત સુધી | - | આજીવન |
| 8) | એક જ નામથી ઓળખાતો લોકસમૂહ | - | કોમ |
| 9) | માલધારીઓએ જંગલમાં બાંધેલા ઝૂંપડાનું ગામ | - | નેસ |
| 10) | ઢોરઉછેર કરતી જાતિનો માણસ | - | માલધારી |
| 11) | સિંહની ગર્જના | - | ત્રાડ |

**[LITERATURE SECTION ]**

## Q.4 (A) નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.

1) વાંસડિયા શા માટે વઢાવવાના છે ?

જ) વાંસડિયા વાંસળી બનાવવા માટે વઢાવવાના છે.

2) વાંસળીએ શું લટકે છે ?

જ) વાંસળીએ ચાર ફૂમતા લટકે છે.

3) મેહ કઇ દિશાએથી આવે છે ?

જ) મેહ ઉત્તર દિશાએથી આવે છે.

4) ખેતરમાં શું ઝૂલી રહ્યું છે ?

જ) ખેતરમાંપાક ઝૂલી રહ્યો છે.

5) નિરંજન અને તેના મિત્રએ ફિલ્મ જોવા જવાનુ ક્યારે નક્કી કર્યું ?

જ) નિરંજન અને તેના મિત્રએ ફિલ્મ જોવા જવાનુ રવિવારે નક્કી કર્યું.

6) પત્ર કોને લખ્યો હતો ?

જ) પત્ર નિરંજનના દૂરના કાકા વેદસાહેબે લખ્યો હતો.

7) ફિલ્મ જોવા માટે મેનેજરે શી વ્યવસ્થા કરી ?

જ) ફિલ્મ જોવા માટે મેનેજરે બાલ્કનીમાં બે એક્સ્ટ્રા ખુરશીઓ મુકાવી.

8) સભામંડપમાં રાવણ કેવી રીતે બોલ્યો?

જ) સભામંડપમાં રાવણ અભિમાન સાથે બોલ્યો.

9) પ્રવાસ સમિતિમાં ક્યા ત્રણ વિધ્યાર્થીઓ હતા?

જ) પ્રવાસ સમિતિમાં રેવતી, વરુણ અને સિંધુ એ ત્રણ વિધ્યાર્થીઓ હતા.

10) સાહેબ બધાને મેહુલની નોટ બતાવે છે, તે બાબતે હર્દિક શું માને છે?

જ) સાહેબ બધાને મેહુલની નોટ બતાવે છે, તે બાબતે હર્દિક માને છે કે તેની નોટનાં પાનાં લીસા અને સરસ છે.

11) પ્રાગડ ફૂટે એટલે માલધારીઓ શું કરતાં?

જ) પ્રાગડ ફૂટે એટલે માલધારીઓ ભેંસો અને બીજાં ઢોરોને લઇને ચરાવવા ઉપડી જતાં.

12) બાળકને નદીની ભેખડમાં ગલૂડિયા જેવું શું દેખાયું?

જ) બાળકને નદીની ભેખડમાં ગલૂડિયા જેવું સિંહનું બચ્ચું દેખાયું.

13) સિંહણનાં બચ્ચાને જોઇને બાળકે શું કર્યું?

જ) સિંહણના બચ્ચાને જોઇને બાળકે તેને વહાલપૂર્વક તેડી લીધું અને તે બચ્ચા પર હાથ ફેરવવા લાગ્યો.

14) સંત પુરુષોનું જીવન કેવું હોય છે ?

જ) સંત પુરુષોનુ જીવન ધૂપ જેવું હોય છે. પોતે દુ:ખ વેઠીને બીજાને સુખ આપે છે.

15) પંડિત કઇ રીતે થવાય છે ?

જ) સતત નવું શીખતા રહેવાથી પંડિત થવાય છે.

## (B) નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) ગીતના આધારે વાંસળીનું વર્ણન કરો ?

જ) વાંસળી લીલા વાંસમાથી બનાવેલી છે. વાંસળી ઉપર હંસ,પોપટ અને મોર મૂકવામાં આવ્યા છે. વાંસળીની શોભા માટે તેને ચાર ફૂમતા લગાડેલા છે. આમ વાંસળી સુંદર રીતે શણગારેલી છે..

2) ગીતમાં 'મોતીડા' શબ્દ કોના માટે વપરાયો છે ? શા માટે ?

જ) ગીતમાં 'મોતીડા' શબ્દ ખેતરમાં ઝૂલતા ડૂંડામાં રહેલા દાણા માટે વપરાયો છે. મોતી કિંમતી છે. મોતી જેવા અનાજના 'દાણા' પણ કિંમતી છે.

3) પત્ર જાદુઇ કેમ લાગ્યો?

જ) લેખક એમના મિત્ર નિરંજન સાથે રવિવારે સવારે સિનેમા જોવા ગયા. તેને અગાઉ ટિકિટ લીધી નહોતી અને થિયેટર હાઉસફૂલ હતું. તેમણે કોઇનાથી અક્ષરો ન ઉકલે એવો એક પત્ર 'લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નર વેદસાહેબનો છે' એમ કહી સિનેમાગૃહના મેનેજરને આપ્યો. મેનેજરે બાલ્કનીમાં બે વધારાની ખુરશીઓ મુકાવીને બંને મિત્રો માટે સિનેમા જોવાની વ્યવસ્થા કરી આથી પત્ર જાદુઇ લાગ્યો. .

4) નિરંજનના મિત્રએ પત્રનો કેવો ઉપયોગ કર્યો ?

જ) નિરંજનના મિત્રએ એક સુવિખ્યાત કંપનીમા ક્લાર્કની જગ્યા માટે અરજી કરી હતી. તેનો ઇન્ટર્વ્યૂ હતો. મિત્ર એ જાદુઇ પત્ર લઇને ગયો તેણે એ પત્ર પી.એ. દ્વારા કંપનીના મેનેજરને મોકલાવ્યો. વાસ્તવમાં જેમણે એ પત્ર લખ્યો હતો તે વેદસાહેબ પોતે જ એ કંપનીના મેનેજર હતા. વેદસાહેબે પોતાના અક્ષર ઓળખ્યા પણ તે લખાણ ઉકેલી શક્યા નહિ.આ પત્રને લીધે નિરંજનના મિત્રને નોકરી મળી ગઇ. આમ, નિરંજનના મિત્રએ પત્રનો ઉપયોગ નોકરી મેળવવા માટે કર્યો.

5) લેટરહેડના ખરાબ અક્ષરો જોઇને લેખક શું કહે છે ?

જ) લેટરહેડના ખરાબ અક્ષરો જોઇને લેખક કહે છે કે ' આ પત્રના અક્ક્ષરો જેવા ખરાબ અક્ષરો મે ક્યાંય જોયા નથી. કુલેખનની હરીફાઇ યોજાય તો આ અક્ષરોનો લખનારો જ્યાં સુધી ભાગ લે ત્યાં સુધી બીજા કોઇને ઇનામ જ ના મળે.'

6) રાવણને પોતાનાં ક્યાં ક્યાં પરાક્રમોનું અભિમાન હતું?

જ) રાવણે કૈલાસ પર્વતને હલાવી નાખ્યો હતો. દેવોને કેદ કર્યા હતા. મેરુ અને મંદ્રાચળ પર્વતોને તે દળાની જેમ ઉછાળી શકતો હતો. સમગ્ર બ્રહ્માંડને તે ગોળ ગોળ ફેરવી શકતો હતો. રાવણને પોતાનાં આ પરાક્રમોનું અભિમાન હતું.

7) ધનુષ્ય ઉપાડવા જતાં રાવણની શી દશા થઇ?

જ) ધનુષ્ય ઉપાડવા જતાં રાવણને ખૂબ જોર કરવું પડ્યું. તે પરસેવે રેબઝેબ થઇ ગયો. તેને શ્વાસ ચઢ્યો. તેણે જેવું ધનુષ્ય સહેજ ઊંચું કર્યું કે તે હાથમાથી છટકી ગયુ. રાવણ ભોંય પર પટકાયો અને ધનુષ્ય તેના ઉપર પડ્યું. તે ધનુષ્ય નીચે દબાયો અને ઘાયલ થયો. તેના મોંમાથી લોહી વહેવા લાગ્યું .

8) માધવપુરનું વર્ણન પાઠના આધારે કરો?

જ) માધવપુર સૌરાષ્ટ્રના સાગરકાંઠાનું વૃંદાવનછે. અહીં સદીઓ જૂનાં આંબલી, રાયણ, પપૈયા તથા નારિયેળીનાં પુષ્કળ ઝાડ છે. તાજામાજા પોપટ છે. માધવપુરનો મેળો જાણીતો છે. અહીં દર વર્ષે રુક્મણી અને શ્રીકૃષ્ણના લગ્ન ઉજવાય છે. ભાદર, ઓઝત અને મધવંતી નદીઓ અહીં સમુદ્રને મળે છે અને ફળદ્રુપ રાખે છે. અહીંનો દરિયાકિનારો વિશાળ ને સ્વચ્છ છે. તેથી ઘણા પ્રવાસીઓ તેને પસંદ કરે છે. લોકો અહીંના સૂર્યોદય અને સૂર્યાસ્ત જોઇને આનંદિત થઇ જાય છે.

9) દાંડી શા માટે પ્રખ્યાત છે?

જ) અંગ્રેજોએ મીઠા પર વેરો નાખ્યો ત્યારે ગાંધીજીએ દાંડીયાત્રા દ્વારા એનો વિરોધ કર્યો હતો. તેથી ગાંધીજીની દાંડીયાત્રા માટે પ્રખ્યાત છે.

10) ઉં.....ઉં..... અવાજ કોણ કરતું હતું? શા માટે?

જ) ઉં.....ઉં..... અવાજ સિંહબાળ કરતું હતું. તે તાજું જન્મેલું હતું, તેથી તેના નાના પગ વડે ભેખડ પરથી ઊતરવા પ્રયત્ન કરતું હતું, પણ ઊતરી શકતુ ન હતું. તેથી અવાજ કરતું હતું.

11) માતાને ક્યું દ્રશ્ય જોઇને ધરતી ગોળ ગોળ ફરતી લાગી?

જ) એક બાજું માલધારી સ્ત્રીનું શિશું સિંહબાળને રમાડી રહ્યું હતું અને બીજી બાજું સિંહણ એના બચ્ચાને જોઇ એની નજીક આવી રહી હતી. માલધારી શિશુની માતાએ આ ભયાનક દ્રશ્ય જોયુ અને તેને ધરતી ગોળ ગોળ ફરતી લાગી.

12) જીવનમાં પુરુષાર્થનું શું મહત્વ છે?

જ) જેમ સતત ભણતા રહેવાથી વિદ્વાન બની શકાય છે, સતત લખતા રહેવાથી લહિયો બની શકાય છે, અને રોજ થોડુ થોડુ ચાલવાથી લાંબો પંથ કપાય છે. આમ જીવનમાં કશુંક મેળવવાં માટે સતત પુરુષાર્થ કરવો જોઇએ.